ISSN (Online) 2582-9327

IJARSCMT

*International Journal of Advanced Research in Science, Commerce, Management and Technology*

Impact Factor: 5.732

Volume 1, Issue 1, February 2021

# કવિ ચંદ્રેશભાઈ મકવાણાના કાવ્યસંગ્રહ 'વૃક્ષ નથી વૈરાગી' નો સમીક્ષાત્મક અભ્યાસ

**પ્રા. રાજેન્દ્રકુમાર એ. પંચાલ**

**એસો. પ્રોફેસર**

**અધ્યક્ષ ગુજરાતી વિભાગ (યુ.જી/પી.જી)**

**શ્રીમતી. એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,પ્રાંતિજ**

કવિ ચંદ્રેશભાઈ મકવાણાનો પહેલો કાવ્યસંગ્રહ 'વૃક્ષ નથી વૈરાગી' છે જેમાં ૭૦ રચનાઓ છે જેમાંથી શરુમાં ૧૨ કાવ્યો છે અને તે પછી ૫૮ ગઝલો સમાવવામાં આવી છે. મને આ ગઝલ ફેસબુકના માધ્યમથી ધ્યાનમાં આવી હતી અને તેનો આસ્વાદ લેખ લખવાનો પ્રયાસ કર્યો છે.એમની દરેક ગઝલો જુદા જુદા ભાવવિશ્વમાં લઈ જાય છે.

એટલે લાચાર કોદાળી હતી,
થડ ઉપર બે ત્રણ લીલી ડાળી હતી

જેટલી કાળાશ વૃત્તિમાં હતી,
એટલી મધરાત ક્યાં કાળી હતી ?

એ જ માળીએ મરોડી ડોકને,
જેણે હળવે હાથે પંપાળી હતી

એટલે પિત્તળ થઈ ગઈ ભૂખ પણ,
વેચવા બસ સ્ટિલની થાળી હતી

તોય અકબંધ રહી ગઈ સૌ એષણા?
જાત તો હેમાળે જઈ ગાળી હતી

ચંદ્રેશ મકવાણા

શબ્દસૂચિ:- ગઝલો, સમીક્ષા, કવિતાઓ, ફિલસુફી

---

કવિ ચંદ્રેશભાઈ ગુજરાતી ગઝલ સાહિત્યમાં ખૂબ સારું નામ ધરાવતા કવિઓમાંના એક છે,એમની ગઝલો માનવ સંવેદનાથી ભરપૂર હોય છે. આ ગઝલમાં પણ એવી જ સંવેદનાની અનુભૂતિ કરાવી જાય છે.માણસની લાચારી વિશે તેઓ શું કહે છે જુઓ,

એટલે લાચાર કોદાળી હતી,
થડ ઉપર બે ત્રણ લીલી ડાળી હતી

આપણે ક્યારે લાચાર હોઈએ? સંબંધો એકમેક સાથે હજી લીલાછમ હોય છતાં ન છૂટકે એ તૂટી જાય અથવા તોડવા પડે ત્યારે? લાચારી આપણી હિંમત ન હોવાનું બીજુ નામ છે. જિંદગી જેવા થડ ઉપર હજી કેટલાક લીલા સંબંધો સચવાયેલા છે જો એને પણ તોડી નાખશું તો પછી કશો અર્થ નથી જીવનનો. એકબીજા પર કેટલી લાગણી હોય છે,કેટલો ભરોસો હોય છે ત્યારે એક સંબંધ જન્મે છે. લાચાર કોદાળી અને લીલી ડાળીથી કવિએ બે પંક્તિઓમાં માણસ હોવાની વ્યાખ્યા બતાવી દીધી છે. માણસનું હોવું એટલે સ્વભાવનું હોવું અને સ્વભાવનું હોવું એટલે તેની વૃત્તિ વિશે જાણ થવી, કવિ કહે છે

જેટલી કાળાશ વૃત્તિમાં હતી,
એટલી મધરાત ક્યાં કાળી હતી?

માણસના સ્વભાવ વિશે કોઈ કશું કહી જ નથી શકતું કારણ કે સ્વભાવ એ એવો કેમેલિયોન છે જે રંગ બદલવામાં પાવરધો છે.માણસની વૃત્તિ સારી હોય તો સમજી શકાય પણ એ જો મધરાત કરતા પણ કાળી હોય તો તો એ કેવી હોઈ શકે એની કલ્પના જ કરી શકાય. અહીં ઉપમાન 'માણસની વૃત્તિ'ને કવિએ અહીં ઉપમેય' મધરાત કરતા પણ કાળી' કહીને વ્યતિરેક અલંકારનો સુંદર ઉપયોગ કર્યો છે. કવિ આગળ આપણને પંપાળનારી વ્યક્તિ જ કેવી ક્રૂર થતી જાય છે એની વાત વધારતા કહે છે કે,
એ જ માળીએ મરોડી ડોકને,
જેણે હળવે હાથે પંપાળી હતી.
માળીએ મરોડી ડોક પણ કોની ડોક એ કવિએ અદ્રશ્ય રાખ્યું છે,એ જ તો મજા છે. બધું ખુલ્લું પાડી દે એ કવિ નહીં.પણ,માળીની વાત છે તો એ ફુલની જ વાત હોવી જોઈએ.પ્યાર અને લાડકોડથી માળી રોજ તેના ફૂલોને પાળી પાય છે,કોમળ પાંદડીઓને રોજ પંપાળે છે એ જ આવા નાનકડા ફૂલને તોડી મરોડી શકે છે.રક્ષક જ ક્યાંક ભક્ષક ન બને એ ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે તો કવિ ભૂખ વિશે પણ આમ કહી જાય છે.

એટલે પિત્તળ બની ગઈ ભૂખ પણ,
વેચવા બસ સ્ટિલની થાળી હતી.

સ્ટીલ કરતા પિત્તળ ઘણું મોંઘું હોય છે,વેચવા મૂકેલી સ્ટીલની વસ્તુ કરતા આપણી ભૂખ ઘણી મોંઘી છે.પેટને સંતોષ મળે એટલુંય અન્ન ગરીબોના મ્હોંમાં નથી જતું.ભૂખ સૌથી ભુંડી હોય છે.જેણે ભૂખ અનુભવી એ જ જાણી શકે કે પેટ ઓડકાર વગરનું કેવું હોય છે. આખરી શે'રમાં કવિ અકબંધ રહેલી ઈચ્છા પુરી ન કરી શકનારા પર વાત કરતા કહે છે,

તોય અકબંધ રહી ગઈ સૌ એષણા?
જાત તો હેમાળે જઈ ગાળી હતી.

માણસ કેટલુંયે કરે, પોતાની જાત સુધ્ધાં પોતાના પરિવાર અને પરિશ્રમ પાછળ ખર્ચી નાખે છે પણ જે જે ઇચ્છાઓ પોતાના માટે , પરિવાર માટે કરી હોય છે તે પુરી થતી જ નથી. જાતને ઓગાળીએ તો પણ એષણાઓ પાછળ ને પાછળ હોય છે.

કવિએ કેટકેટલી ઉપમાઓ અને અલંકારનો સુઉપયોગ કરીને ગઝલને રમણીય બનાવી છે.

'નારાજ'ના તખલ્લુસથી લખતા આ કવિની શૈલી અદભુત છે.જેટલી ધારદાર તેમની ગઝલો કે ગીતો છે એટલું જ ધારદાર તેમનું કાવ્યપઠન છે. એમણે 'મારું દેશ ખીલશે, ગુજરાત ખીલશે' ગીત લખેલું જે દરેક ગુજરાતીઓના હ્રદયમાં નિવાસ કરે છે. કવિ ચંદ્રેશભાઈ નારાજને વર્ષ ૨૦૧૨નો 'શયદા એવોર્ડ' તથા 'શ્રી રાવજી પટેલ' એવોર્ડ પણ મળ્યો છે. કવિની ગઝલ જેટલી સુંદર છે એટલા જ ગીતો સુંદર છે. આપણી જ જાત આપણને આડી નડે તો શું થાય એ વાત કવિ કરતા કહે છે કે

મેં જ બનીને દાતરડું કાપી છે મારી વાડો,
મનેય વેતરી નાંખ્યો છે મેં આવ્યો જ્યાં હું આડો.

પોતાને જ પોતાની જાત પડી જાય તો અસ્તિત્વ નહીં જેવું. થતાં વાર નથી લાગતી.કવિની ગઝલોમાં નાવિન્યતા છે, ભૂખ વિશે કવિનું આમ કહેવું છે,

આમ ફાટે એટલી કિકિયારીઓ કરતી રહી,
ભૂખ નામે એક ભોળી ગાય ભાંભરતી રહી.
ભૂખને ભોળી ગાયની ઉપમા આ કવિ સિવાય કોણ આપી શકવાનું હતું?

નારાજભાઈનું તખલ્લુસ એકદમ યોગ્ય જ છે.એમની નારાજગી ક્યારેક ઈશ્વર પ્રત્યેની ક્યારેક સમાજ પ્રત્યેની એમની રચનામાં ઉપસી આવે છે.

ગઝલ જાણે એમને ગળથુથીમાં મળી.ગઝલ ખુબ ઝીણું કાતવાની આદત આ કવિને છે.નારાજભાઈની નજરે સમાજ અલગ જ ભાષે છે.

એમનો એક શેર આપણી અંધશ્રદ્ધા પર કેવી લપડાક લગાવે છે જો જો જરા કવિની નારાજગી કેવી રીતે બહાર આવી.

જેમાં પરાણે એક જ શ્રીફળ સમાતું ન્હોતું,
એ એક ગોખલામાં ઇશ્વર ઘણાં હતા.

આવી વાત નથી થઈ એવું તો નહીં કહું પણ આ પહેલા મને આટલી રૂપાળી ક્યારે નો'તી લાગી.

આવા તો ઘણા શેરોના માલિક અને દરિયાદિલ શાયરને મારા નમન. ગમતા કવિઓમાં નારાજ ભાઈની ગઝલો વાંચવી ખૂબ ગમે છે. એક જ ગઝલને વારંવાર વાંચવાનું મન થાય એવી હોય છે.

પ્રસ્તુત ગઝલ વાંચીને લખવાની ઈચ્છા એટલે થઈ આવી કારણ કે આ ગઝલમાં માણસના ગુણો,લાચારી, ક્રુરતા,ભૂખ,અધુરી આશાઓ વિશે માત્ર બે મિસરામાં ઘણું બધું કહી દીધું છે. કોદાળી,ડાળી, પંપાળી વગેરે જેવા કાફિયા લઈને કવિએ ગઝલને સુંદર બનાવી છે. સાથે સાથે કાળાશ વૃત્તિ અને મધરાત, ભૂખનું પિત્તળ થઈ જવું જેવી ઉપમાઓ ગઝલને નવું રૂપ બક્ષે છે.

ગુજરાતી ગઝલની સફરને લડભગ ૨૦૦ વર્ષ જેટલું થયું છે અને આટલા સમયગાળામાં કેટકેટલા કવિઓએ ગઝલને લાડ લડાવ્યા છે. ગઝલનું મૂળ રૂપ તગઝ્ઝુલ એટલે કે પ્રેમભાવનું છે પરંતુ ગઝલ ફક્ત ત્યાઅં સુધી સિમિત ન રહેતા ઘણી આગળ વધી ગઈ છે. પહેલાના સમયમાં ગઝલને તરન્નુમમાં રજુ કરવામાં આવતી કારણ કે ગઝલ ગેય કાવ્યપ્રકાર છે. પણ એ ધીરેધીરે વીસરાતું ગયું છે છતાં ગુજરાતી ગઝલને ક્યારેય ઓછું નથી આવવા દીધું, સમકાલીન કવિઓમાં ઘણાં નામો છે અને ચંદ્રેશ મકવાણા 'નારાજ' એમાંના એક છે.

અવસર કેવળ એક જ દી'નો,
વચ્ચે મહિના સાત કબીરા.

## સંદર્ભ

(મારા જ ઘરમાં) - ચંદ્રેશ મકવાણા
(મારી અંદર) -ચંદ્રેશ મકવાણા
કાયમી અંધારાનું ગીત - ચંદ્રેશ મકવાણા 'નારાજ'
કોરડા વીંઝે છે સૂરજ – ચંદ્રેશ મકવાણા ‘નારાજ’
ગઝલ - ચંદ્રેશ મકવાણા